જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૯/૨૦૨૧ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૨૯/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૭ | ૦ | ૧૧૬૩૭ | ૧૭૭૪૮ | ૦ | ૧૭૭૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૮ | ૦ | ૧૦૮ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૦૧૩૭ | ૮૬ | ૭૦૨૨૩ | ૭૧૦૮૮ | ૯૨ | ૭૧૧૮૦ |
| કુલ | | ૮૬૬૧૫ | ૮૬ | ૮૬૭૦૧ | ૯૫૪૯૨ | ૯૨ | ૯૫૫૮૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૦ | ૩,૬૭,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૮૪ | ૭,૮૪,૦૦૦/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

## ચોરીના વાહન સાથે આરોપીને પોકેટકોપની મદદથી પકડી લઇ દાણીલીમડા પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુન્હો શોધી કાઢતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કવોડના મ.સ.ઇ નારણભાઇ મુળજીભાઇ બ.નં.૭૫૫૭ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.લો.ર અર્જુનસિહ હરદેવસિહ બ.નં.૧૨૯૯૧ તથા અ.લો.ર કુલદિપ ગોવિદભાઇ બ.નં.૧૨૭૩૧ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે ખમાસા જવાહર ચોક પાસે વોચમાં રહી એક ઇસમ નામે સલમાનખાન સલીમખાન પઠાણ ઉ.વ.૨૫ ધંધો.છુટક મજુરી રહે. મ.નં.૨૩૭૪ બ્લોક નં-૭૫ શ્યામ પ્રસાદ મુખર્જી ચાર માળીયાના મકાન ઉમંગ ફ્લેટની બાજુની સામે વટવા અમદાવાદ શહેર નાઓ પાસેથી એક ઓટોરીક્ષા જેનો R.T.O નં-GJ-27-T-9508 નો જેનો એંજીન નં-24ZWCH38523 તથા ચેચીસ નં- MD2A23AZ1CWH29457 ની જેની આશરે કિ.રૂ.૫૦,૦૦૦/- ની મતાની મળી આવતા સદરી બાબતે પોકેટકોપ મોબાઇલમાં સર્ચ કરી તેમજ સદરી રીક્ષા બાબતે તપાસ કરતા સદરી ઓટોરીક્ષા ચોરી થવા બાબતે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.એ- ૧૧૧૯૧૦૧૨૨૧૧૩૪૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ જે ગુન્હો શોધી લઇ સદરી ઇસમને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.તા.૦૪/૦૯/૨૦૨૧



# વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## ગા.હવેલી પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુનામા કાચા કેદી તરીકે જેલમા રહેલ અને વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય જે બાબતે ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર શ્રી બી.બી.ગોયલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ તા ૦૫/૦૯/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા શાહઆલમ દરવાજા પોસ્ટ ઓફીસ પાસેથી અ.હેડ.કોન્સ કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ગા.હવેલી પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુનામા પકડાયેલ કાચા કામના કેદી તરીકે જેલમા રહેલ આરોપી અશોક ઉર્ફે અલ્પેશ ઉર્ફે પતરી ચંદુભાઇ સોલંકી ઉ.વ ૩૦ રહે,ખાનાજી હીરાજીની ચાલી જમાલપુર ચાર રસ્તા પાસે જમાલપુર અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૧૭/૦૫/૨૦૨૧ ના રોજ ત્રણ મહીના માટે વચગાળાના જામીન ઉપર છુટેલો અને તા ૧૭/૦૮/૨૦૨૧ ના રોજ પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને શાહઆલમ દરવાજા પાસે પોસ્ટ ઓફીસ પાસેથી તા ૦૫/૦૯/૨૦૨૧ ના કલાક ૧૪/૧૫ વાગે પકડી પાડી બાકીની સજા ભોગવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે.તા.૦૬/૦૯/૨૦૨૧



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૩૬૦ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૯૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩ મોટર સાયકલ, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૦,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૬૩૨/૨૦૨૧**

**સેટેલાઇટઃ** હેમલ પંકજભાઇ શાહ (રહે.નીહારિકા બંગ્લોઝ કેશવ પાર્ટી પ્લોટ સામે હિમ્મતલાલ પાર્ક સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૧ સવારના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી ત્રણ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૪૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૬૩૩/૨૦૨૧**

**સરખેજઃ** સરખેજ સિધ્ધી વિનાયક ટાવર કટારીયા માળ નં.૧૨ ઓફીસ સી/૧૨૦૩ ખાતે નોકરી કરતા અલ્પેશભાઇ બળવંતરાય પલાણ (ઉ.વ.૩૬) (રહે. શ્યામવિલા સોસાયટી સાઉથ બોપલ મુળ વતન. ચંદ્રમૌલી સાસાયટી સાવરકુંડલા જી.અમરેલી) એ તા.૦૫/૦૯/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી બપોરના ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓફીસ ખાતે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**અમરાઈવાડીઃ** વિપુલ સ/ઓ કાનજીભાઈ આયર (ઉ.વ.૨૧) (રહે. હનુમાનની ચાલી અંબીકાનગર મેટ્રો પીલ્લર નંબર-૫૨ પાસે અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૯/૨૦૨૧ સવારના ૯/૦૦ થી બપોરના ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે રસોડાના પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી દક્ષાબહેન રેવાભાઇ ચલાવે છે.

**ઇસનપુરઃ** દેવેન્દ્ર ગુલાબદાસ શુકલા (ઉ.વ.૪૩) (રહે. કાશી વિશ્વનાથ સોસાયટી વિભાગ-૧ મહાવીર સ્કુલ પાછળ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૧ કલાક ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી